## ૪-૧ દેવા શ્ચતુર્નિકાયા:


દેવા : ચતુ : નિકાયા:

નિકાય એટલે જાતિ. ચાર જાતિના (પ્રકારના) દેવો છે. (૧) ભવનપતિ (૨) વ્યંતર (૩)જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક

હવે ભવનપતિ દેવો ક્યાં રહે છે? તે જોઇએ.
પહેલી પ્રુથ્વીનું નામ રત્નપ્રભા છે જેની જાડાઇ ૧ લાખ અને ૮૦ હજાર યોજન છે. તેમાંથી સૌથી ઉપરના એક હજાર યોજન અને સૌથી નીચેના એક હજાર યોજન સિવાયના ૧ લાખ અને ૭૮ હજાર યોજનમાં ભવનપતિ દેવોના નિવાસો છે.

વ્યંતર દેવો ક્યાં રહે છે?
રત્નપ્રભા પ્રુથ્વીના સૌથી ઉપરના એક હજાર યોજન છોડયા છે. (જ્યાં ભવનપતિ દેવો નથી) તેમાં સૌથી ઉપરના અને સૌથી નીચેના સો સો યોજન સિવાયના બાકીના ૮૦૦ યોજનમાં વ્યંતરદેવોના નિવાસો છે.

વાણ વ્યંતર દેવો ક્યાં રહે છે?
વ્યંતર દેવોમાં જે સૌથી ઉપરના ૧૦૦ યોજન છોડેલા, તેમાં સૌથી ઉપરના અને સૌથી નીચેના૧૦ યોજન સિવાયના બાકીના ૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવોના નિવાસો છે.




ઉપરના જણાવેલા ભવનપતિ -વ્યંતર - વાણવ્યંતર દેવો જંબુદ્વીપ તથા અન્ય દ્વીપોમાં અને સમુદ્રોમાં હરી - ફરી શકે છે. ત્યાં જન્મતા નથી.

## ૪-૨ તૃતીય : પીતલેશ્યા

ત્રીજા પ્રકારના ( જ્યોતિષ્ક ) દેવો પીત્ત લેશ્યાવાળા છે.

અહીં લેશ્યા શબ્દ વર્ણના અર્થમાં છે. જ્યોતિષ્ક દેવોને શરીરનો વર્ણ પીત અથવા તેજો લેશ્યા જેવો છે. અધ્યવસાય રૂપ (ભાવથી ) છ એલેશ્યા હોય છે.

## ૪-૩ દશાષ્ટ -પંચ્ચ -દ્વાદશ - વિકલ્પા કલ્પોપપન્ન પર્યન્તા:

દશ -અષ્ટ -પંચ -દ્વાદશ - વિકલ્પા -કલ્પ-ઉપપન્ન - પર્યન્તા:

ભવનપતિ -વ્યંતર - જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના અનુક્રમે દસ , આઠ પાંચ , અને બાર ભેદો છે. આ ભેદ કલ્પોપપન્ન દેવ સુધી હોય છે. કલ્પ એટલે મર્યાદા અને ઉપપન્ન એટલે સહિત.કોઈ દેવ માલિક હોય , કોઈ કોટવાલ હોય , કોઈ હલકુ કામ કરનાર હોય. આ રીતે ૧ થી ૧૨ દેવલોકમાં સામાજિક વ્યવસ્થા છે. અટલે તે દેવો કલ્પોપપન્ન કહેવાય છે.

૧૨ દેવલોકની ઉપરના નવ ગ્રૈવેક અને પાંચ અનુત્તર દેવલોકમાં આવી વ્યવસ્થા નથી ( જરૂર પણ નથી ) તેથી તે કલ્પાતીત કહેવાય છે.

## ૪- ૪ ઇન્દ્ર - સામાનિક - ત્રાયસ્ત્રિંશ- પારિષાયાઽઽત્મરક્ષક - લોક - પાલાઽનીક - પ્રકીર્ણકાઽઽભિયોગ્ય - કિલ્બિષિકાશ્ચૈકશઃ

ઇન્દ્ર - સામાનિક ત્રાયસ્ત્રિંશ - પારિષાધ્ય - આત્મરક્ષક - લોકપાલ - અનીક -પ્રકીર્ણક - આભિયોગ્ય - કિલ્બિષિકાઃ ચ એકશઃ

અર્થ : ભવનપતિ આદિ જે દેવોના ભેદો ઉપર બતાવ્યા તે દરેકમાં દશ - દશ પ્રકારના દેવો હોય છે.
( ૧ ) ઇંદ્ર = સર્વ દેવોનો રાજા ( ૨ ) સામાનિક = ઇંદ્ર જેવો ગણાય
( ૩ ) ત્રાયસ્ત્રંશ = ઇંદ્ર ના મંત્રી ( ૪ ) પારિષાધ્ય = ઇંદ્રની સભાના સભ્યો
( ૫ )આત્મરક્ષક = ઇંદ્રનીરક્ષા માટે ( ૬ ) લોકપાલક = ચારે દિશાનું રક્ષણ કરે
( ૭ ) અનીક = લડાઇ વખતે લડનારા ( ૮ ) પ્રકિર્ણક = સામાન્ય પ્રજા જેવા
( ૯ ) આભિયોગ્ય = દેવોનું વાહન બને, નોકર જેવા ( ૧૦ ) કિલ્બિષિક =અત્યંત હલકા, તુચ્છકામ કરનારા.

## ૪-૫ ત્રાયસ્ત્રિંશ -લોકપાલ -વર્જા - વ્યંતર જ્યોતિષ્કા:

વ્યંતર અને જ્યોતિષ્ક નિકાયોમાં ત્રાયસ્ત્રિંશ દેવો અને લોકપાલ દેવો હોતા નથી. બાકીના આઠ પ્રકારના દેવો હોય છે.

## ૪-૬ પુર્વ યોર્દ્વીન્દ્રા :

પુર્વયો: દ્વી: ઈન્દ્રા:

પૂર્વના બે (પહેલા બે દેવનિકાય -- ભવનપતિ અને વ્યંતર ) દેવનિકાયમાં બે બે ઈંદ્રો છે.
સ્નાત્રપૂજામાં કુલ ૬૪ ઈંદ્રો આવે છે તે કેવી રીતે ?

સૌથી નીચે ભવનપતિ નિકાય છે. તેના દસ ભેદ છે. તેમાંના એક-એક ભેદમાં બે- બે ઈંદ્રો હોય છે.ઉત્તર દિશાનું રાજ્ય એક ઈંદ્ર સંભાળે અને દક્ષિણ દિશાનું રાજ્ય બીજો ઈંદ્ર સંભાળે. આમ દરેક ભેદના બે ઈંદ્રો ગણતા કુલ ૧૦x૨=૨૦ ઈંદ્ર થયા.

હવે વ્યંતર નિકાયમાં, વ્યંતર અને વાણવ્યંતર તેમ બે વિભાગ છે.વ્યંતરના આઠ ભેદમાં (જુઓ સુત્ર ૪-૫ ) દરેકના બે-બે ઈંદ્ર એટલે ૮ X ૨ =૧૬ ઈંદ્ર થયા.

વાણવ્યંતરના ૮ ભેદમાં દરેકના બે-બે ઈંદ્ર ગણતા કુલ૧૬ ઈંદ્ર થાય. આમ વ્યંતર નિકાયના કુલ ૩૨ ઈંદ્રો થયા. પહેલા ૧૬ ઉત્તર દિશાનું રાજ્ય સંભાળે અને બાકીના ૧૬ દક્ષિણ દિશાનું રાજ્ય સંભાળે.
આમ ભવનપતિ અને વ્યંતર નિકાયના કુલ મળીને ૨૦+૩૨= ૫૨ ઈંદ્રો થયા.

હવે ઉપર જ્યોતિષ્ક નિકાયમાં સૂર્ય અને ચંદ્ર મળીને બે ઈંદ્રો છે

વૈમાનિક નિકાયમાં કુલ બાર (૧૨) દેવલોક છે. તેમાં પ્રથમ આઠ (૮) દેવલોકમાં, દરેક દેવલોકનો એક (૧) ઈંદ્ર ગણતા, કુલ આઠ (૮) ઈંદ્રો, નવમા (૯) અને દસમા (૧૦) દેવલોકમાં બંને દેવલોકનો ભેગો એક (૧) ઈંદ્ર હોય.તેજ રીતે અગિયાર (૧૧) અને બાર (૧૨) દેવલોકનો ભેગો એક ઈંદ્ર હોય.

કુલ ૫૪ + ૮ + ૧ + ૧ =૬૪ ઈંદ્રો થયા.

ટુંકમાં

| દેવલોક | કુલ ઈંદ્રની સંખ્યા |
|---|---|
| ભવનપતિ | ૧૦ X ૨ =૨૦ |
| વ્યંતર | ૮ X ૨ =૧૬ |
| વાણવ્યંતર | ૮ X ૨ =૧૬ |
| સૂર્ય | ૧ |
| ચંદ્ર | ૧ |
| ૧-૮ દેવલોક | ૮ X ૧= ૮ |
| ૯-૧૦ દેવલોક | ૧ |
| ૧૧-૧૨ દેવલોક | ૧ |
| | ૬૪ |

આ ૬૪ ઈંદ્રો તીર્થંકર પરમાત્માનો જન્માભિષેક ઉજવવા, મેરૂ પર્વના પાંડુકવનમાં,પ્રભુને લાવીને સિંહાસન ઉપર બિરાજમાન કરે છે.

નોંધ  બારમા દેવલોકની ઉપર નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવલોક છે. ત્યાંના દેવો કલ્પોપપન્ન નથી પરંતુ કલ્પાતીત (કલ્પ વિનાના) હોવાથી તેમનામાં ઈંદ્ર હોતા નથી.

## ૪-૭ પીતાન્તલેશ્યા :
પીત - અન્ત - લેશ્યા:

પુર્વના બે નિકાય (ભવનપતિ અને વ્યંતર ) માં પીતલેશ્યા સુધીની (કૃષ્ણ - નીલ - કાપોત અને પીત ) લેશ્યા જેવા શારીરીક વર્ણ હોય છે.અધ્યવસાયરૂપ (ભાવથી ) છ એ લેશ્યા હોય છે.અહીં લેશ્યા શબ્દ શારીરીક વર્ણ માટે દર્શાવ્યો છે.

## ૪-૮ કાયપ્રવીચારા આ એશનાત્
કાય પ્રવીચારા આ ઐશનાત્

આ એશનાત્ એટલે કે ઇશાન દેવલોક સુધીના દેવો કાય પ્રવીચાર એટલેકે મનુષ્યની જેમ કાયાથી કામવાસના નું સેવન કરે છે. ટૂંકમાં, ભવનપતિ, વ્યંતર, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને પ્રથમ બે દેવલોક - સૌધર્મ અને ઇશાન - ના દેવો, મનુષ્યની જેમ કાયાથી દેવીઓ સાથે કામક્રીડા કરે છે. દેવીઓનો જન્મ ઇશાન દેવલોક સુધી જ છે.

## ૪-૯ શેષા : સ્પર્શ - રૂપ શબ્દ - મનઃ પ્રવીચારા દ્વયોર્દ્વયોઃ
શેષા : સ્પર્શ - રૂપ - શબ્દ - મનઃ પ્રવીચારા દ્વયો: દ્વયોઃ

ઇશાન દેવલોકથી ઉપરના દેવો બે- બે કલ્પમાં (બે-બે દેવલોકમાં ) અનુક્રમે સ્પર્શ, રૂપ,શબ્દ, અને મન વડે મૈથુન સેવન કરે છે. પહેલા અને બીજા દેવલોકના દેવો કાયાથી કામવાસના સંતોષે છે. ત્રીજા અને ચોથા દેવલોકના દેવો સ્પર્શથી કામવાસના સંતોષે છે. પાંચમા અને છઠ્ઠા દેવલોકના દેવો રૂપથી કામવાસના સંતોષે છે. સાતમા અને આઠમા દેવલોકના દેવો શબ્દથી કામવાસના સંતોષે છે. ૯ થી ૧૨ દેવલોકના દેવો મનથી કામવાસના સંતોષે છે.

સૌધર્મ અને ઇશાન દેવલોકમાં બે પ્રકારની દેવીઓ છે. પરિગ્રહીતા અને અપરિગ્રહીતા. દેવની પત્ની તરીકે રહેતી દેવી, પરિગ્રહીતા કહેવાય છે. અપરિગ્રહીતા દેવીઓ ઉપરના દેવલોકના દેવોની ઇચ્છા પૂર્ણ કરે છે. દેવના માત્ર સંકલ્પ કરવાથી, અપરિગ્રહીતા દેવી તે દેવની સામે હાજર થાય છે અને ઇચ્છા પુર્ણ કરે છે.

## ૪-૧૦ પરે અપ્રવીચારા :
પરે એટલે તે પછીના - ૧૨ મા દેવલોકથી ઉપરના દેવોમાં મૈથુન સેવન **(SEX)** નો અભાવ છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવોને કામવાસના વગર પણ અત્યંત આનંદ પ્રાપ્ત થાય છે.